The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓમાં ૨૧ પ્રકારની દિવ્યાંગતાની ટકાવારી અને શ્રેણીમાં સુધારો કરવા બાબત

કમિશ્નર ... ગુજરાત રાજ્ય, ગાંધીનગર
8950
31 AUG 2020
આ.નં.........

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૮/૭૦૪૭૬૨/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૯/૦૭/૨૦૨૦.

વંચાણે લીધા: (૧) આ વિભાગનો તા.૨૭/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૮/૭૦૪૭૬૨/છ-૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૬/૦૭/૨૦૨૦નો પત્રક્રમાંક:અપગ/દિવ્યાંગ યોજના/૨૦-૨૧/૫૧૯.

**આમુખ :-**

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી ગુજરાત સરકારની દિવ્યાંગો માટેની ૮(આઠ) કલ્યાણકારી યોજનાઓમાં The Rights of Persons with Disabilities Act, 2016માં દર્શાવેલ ૨૧ પ્રકારની વિકલાંગતા પ્રકાર મુજબ દરેક દિવ્યાંગતા માટે ટકાવારી અને શ્રેણી નક્કી કરવામાં આવેલ છે. નિયામકશ્રી, સમાજ સુરક્ષાના વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના પત્રથી દિવ્યાંગો માટેની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી અને યોજનામાં મળવાપાત્ર લાભમાં સુધારા કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ યોજનાઓમાં દિવ્યાંગતાની ટકાવારી અને યોજનામાં મળવાપાત્ર લાભમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવમાં The Rights of Persons with Disabilities Act, 2016માં દર્શાવેલ ૨૧ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓમાં કરી, યોજનાના લાભ માટે દિવ્યાંગતાની ટકાવારી અને શ્રેણી પરિશિષ્ટ નં ૧ થી ૮ મુજબ નિર્ધારિત કરેલ છે. આ યોજનાઓ પૈકી દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના(પરિશિષ્ટ-૨), દિવ્યાંગ સાધન સહાય યોજના(પરિશિષ્ટ-3) તેમજ દિવ્યાંગ લગ્ન સહાય યોજના(પરિશિષ્ટ-૬)માં અમુક દિવ્યાંગતાની ટકાવારી તથા મળવાપાત્ર યોજનાના લાભમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે દિવ્યાંગ કલ્યાણ યોજનાઓમાં નક્કી કરેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતાની ટકાવારી અને શ્રેણીના તા.૨૭/૧૨/૨૦૧૯ના ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) પરિશિષ્ટ-૧,૩,૪,૫,૭,૮માં દિવ્યાંગતાના પ્રકાર નં-૪માં "ક્રોનિક ન્યુરોલોજીકલ શરતો" શબ્દનો ઉલ્લેખ થયેલ છે તેની જગ્યાએ "ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ" શબ્દ વાંચવું.

(૨) પરિશિષ્ટ નં ૧ થી ૮માં દિવ્યાંગતા ક્રમાંક ૨૧ માં "બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા" દર્શાવેલ છે તેની જગ્યાએ "મલ્ટીપલ ડિસેબીલીટી" (એટલે કે પરિશિષ્ટોના ક્રમ નંબર ૧ થી ૨૦માં સ્પેસિફિક કરેલ દિવ્યાંગતામાંથી એકથી વધુ દિવ્યાંગતા ધરાવનાર) શબ્દનો સુધારો કરવામાં આવે છે.

(૩) દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજનાના પરિશિષ્ટ-૨માં દિવ્યાંગતાની ટકાવારી મુજબ મળવાપાત્ર યોજનાના લાભમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | દિવ્યાંગતાનું નામ | દિવ્યાંગતાની શ્રેણી | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|---|
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા (Parkinson's Disease) | (૧) IDEAS Score 7-13 અથવા IQ 55 TO 70=40 ટકાથી 70 ટકા | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| | | (૨)IDEAS Score 18-19 અથવા IQ 35=80 ટકા | ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૦ | રક્તપિત્ત-સાજા થયેલા (Leprosy Cured persons) | (૧)EHF-4 TO 5 = 40 % | ૪૦ ટકા કે તેથી વધુ બસ પાસ |
| | | (૨) EHF = 10 TO 11 = 80 % | ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૩ | હલન-ચલન સાથેની દિવ્યાંગતા (locomotor Disability) | --- | (૧) ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતાને ફક્ત એસ.ટી બસ પાસ (૨) ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૧૪ | સેરેબલપાલ્સી (cerebral palsy) | --- | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને તેમજ તેના સહાયકને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૨૧ | મલ્ટીપલ ડિસેબીલીટી (multiple disability) | --- | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ તથા તેના સહાયક બંન્નેને ૧૦૦ ટકા મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે. |

(૪) દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ તમામ ૨૧ પ્રકારની દિવ્યાંગતામાં દિવ્યાંગ વ્યક્તિઓને [illegible] દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો તેમજ રોજગારલક્ષી સાધનો [illegible]

દ્વારા નક્કી થયેલ હશે તે મુજબ મળવાપાત્ર થશે. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવના પરિશિષ્ટ નં.૩માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | દિવ્યાંગતાનું નામ | મળવાપાત્ર યોજનાનો લાભ |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને રોજગાર લક્ષી તેમજ દિવ્યાંગતામાં રાહત થાય તેવા બંન્ને પ્રકારના સાધનો આપી શકાશે. (૧૬ વર્ષથી નીચેના વ્યક્તિને રોજગારલક્ષી સાધનો આપી શકાશે નહિ) |
| ૨ | આનુવંશિક કારણોથી ,થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy) | |
| ૩ | સાંભળવાની ક્ષતિ(Hearing Impairment) | |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) | |
| ૫ | સામાન્ય ઇજા જીવલેણ રક્તસ્ત્રાવ(Hemophilia) | |
| ૬. | ઓછી દ્રષ્ટી(Low Vision) | |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા(Parkinson's Disease) | |
| ૮ | બૌધ્ધિક અસમર્થતા (Intellectual Disability) | |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા (Thelassemia) | |
| ૧૦ | રક્તપિત-સાજા થયેલ (Leprosy Cured person) | |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) | |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim) | |
| ૧૩ | હલન ચલન સાથેની દિવ્યાંગતા (Locomotor Disability) | |
| ૧૪ | સેરેબલપાલ્સી( Cerebral palsy) | |
| ૧૫ | વામનતા (Dwarfism) | |
| ૧૬ | માનસિક બિમાર(Mental Illness) | |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પ્રેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis) | |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા (Specific Learning Disabilities) | |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા (Speech and Language Disability) | |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder) | |
| ૨૧ | મલ્ટીપલ ડિસેબીલીટી ( Multiple Disabilities) | |

(૫) <u>દિવ્યાંગ લગ્ન સહાય યોજના</u> : વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવના પરિશિષ્ટ-કમાં દિવ્યાંગતાની ટકાવારીમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | દિવ્યાંગતાનુ નામ | સુધારા મુજબ દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. |
| ૬ | ઓછી દ્રષ્ટી (low vision) | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. |

આ સુધારા ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રગ્નેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

જા.નં. મા-૨/૨૦૨૦-૨૧ / 13238

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૯/૧૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક અને ઉ.મા શાળાઓ
સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તરફ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત